# SHREE VASISHTHA VIDHYALAYA

## Gujarati 2nd Language Worksheet 2024-25

Name : - ____________________ Std.:- V - ________

Roll No. :- ________ Worksheet No.PA1-01 Date : - ________

Ch: પાઠ -૧ માંગુ હું તે આપ, Ch: પાઠ – ૨ ભિક્ષાપાત્ર , પાઠ- ૩ વાઘનો ખજાનો

### ગદ્યાંશ

એક રાજા હતો. તેના રાજ્યનું કારભાર તેનો કુશળ મંત્રી સંભાળી લેતો હતો. રાજ્યમાં ખૂબ શાંતિ હતી. રાજા ને કંઈ કામ રહેતું નહિ. રાજા ને ઊંઘ આવતી નહિ. રાજાએ અનેક વૈદોને બોલાવ્યા. વૈદો રાજાની નાડી તપાસતા. પરંતુ રાજાનો રોગ પકડાતો નહિ. રાજા ને કોઈ રોગ હોય તો પકડાયને ? છતાં વૈદો પોતપોતાની રીતે રાજાને દવાની પડીકીઓ આપતા. રાજા ને એ દવાઓથી કોઈ ફેર પડ્યો નહિ. તેની ઊંઘ ન આવવાની ફરિયાદ ચાલુ રહી. એક દિવસ એક વૈદ રાજ દરબારમાં આવ્યો. તેણે રાજાને અનેક પ્રશ્નો પૂછ્યા. તેને રાજા ને ઊંઘ ન આવવાનું કારણ સમજાવ્યું. તેણે રાજાને જાદુઈ ગેડી દડો અને દવાની ભૂકી આપી. તેણે રાજાને દરરોજ સવાર સાંજ ગેડી દડાની રમત રમવા જણાવ્યું અને દવાની ભૂકી લેવાનું કહ્યું. રાજા એ ઉપચાર શરૂ કર્યો. તે જ દિવસથી રાજાને રાતે ઘસઘસાટ ઊંઘ આવવા લાગી. રાજા ખૂબ ખુશ થયા. તેમણે વૈદને બોલાવ્યો અને તેને મોટું ઇનામ આપ્યું. વૈદે રાજા ને કહ્યું"મહારાજ શ્રમ એજ ઊંઘ ની દવા છે"આપણે દરરોજ શારીરિક શ્રમ કરવો જોઈએ.

**પ્રશ્ન - ૧) ઉપરનાં ગદ્યાંશ પરથી નીચેનાં પ્રશ્નોનાં જવાબ આપો :**

**(ક) પ્રશ્નોનાં જવાબ લખો.**

૧) વૈદે રાજાનો ઉપચાર કઈ રીતે શરૂ કર્યો?

વૈદે રાજાને દરરોજ સવાર - સાંજ ગેડી દડાની રમત રમવા જણાવ્યું અને દવાની ભૂકી લેવાનું કહ્યું.

૨) આપણે દરરોજ શું કરવું જોઈએ?

આપણે દરરોજ શારીરિક શ્રમ કરવો જોઈએ.

**(ખ) ખાલી જગ્યા પૂરો.**

૧)રાજ્યનો કારભાર મંત્રી સંભાળી લેતો.

૨) રાજા ને ઊંઘ આવતી નહિ?

૩) રાજાએ અનેક વૈદોને બોલાવ્યા.

૪) શ્રમ એ જ ઊંઘ ની દવા છે.

**પ્રશ્ન - ૨) પાઠ ને આધારે ખાલી જગ્યા પૂરો.**

૧) સુપ્રિયા અનાથપિંડદ ની પુત્રી હતી.

૨) કાયા થાકે પણ મન નવ થાકે.

૩) બ્રાહ્મણ પોતાનું ગુજરાન ચલાવવા ભિક્ષા માંગતો ~~હતો~~ હતો.

Rashmi

૪) વાઘને પોતાની મૂર્ખાઈ પર પસ્તાવો થાય છે.

૫) બ્રાહ્મણ ભગવાન નું નામ લેતા લેતા આગળ વધી રહ્યો હતો.

૬) કવિ જીવનને સફળ બનાવવા માંગે છે.

૭) બ્રાહ્મણ મગનપુર નામના ગામમાં રહેતો હતો.

૮) વાઘ પોતાની વાત પર વફાદાર રહ્યો ન હતો.

**પ્રશ્ન-3) નીચે આપેલા વાક્યોમાંથી સાચા વાક્યોની સામે (✓) અને ખોટા વાક્યોની સામે (×) ની નિશાની કરો.**

૧) કવિ નિષ્ફળ બનવા માંગે છે. [X]

૨) વાઘ એક જંગલમાં ફસાયો હતો. [X]

3) સુપ્રિયા એક અમીર સ્ત્રી હતી. [X]

૪) કવિ ને પ્રભુ પાસેથી ધન -વૈભવ નથી જોઈતા. [✓]

૫) વાઘ અને બ્રાહ્મણની વાતમાં શિયાળ વચ્ચે પડ્યું. [✓]

૬) સુપ્રિયા પાસે ભિક્ષાપાત્ર હતું. [✓]

૭) અતિવૃષ્ટિ એટલે ખૂબ વરસાદ પડે છે. [✓]

૮) કવિ બધાને સમાન રીતે ચાહે છે. [✓]

**પ્રશ્ન - ૪) નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧) 'તથાગત' શબ્દ કોના માટે વપરાયો છે?

'તથાગત' શબ્દ મહાત્મા બુદ્ધ માટે વપરાયો છે.

૨) શિયાળ કેવું દેખાય છે?

શિયાળ ચાલાક દેખાય છે.

3) દરિદ્રતાથી કંટાળીને બ્રાહ્મણે છેવટે નિર્ણય કર્યો?

દરિદ્રતાથી કંટાળીને બ્રાહ્મણે બાજુના શહેરમાં જઈને કામ કરવાનું નક્કી કર્યું.

૪) બ્રાહ્મણ પોતાનું ગુજરાન ચલાવવા શું કરતો હતો?

બ્રાહ્મણ પોતાનું ગુજરાન ચલાવવા ભિક્ષા માંગતો હતો.

૫) અનાથપિંડદ કોણ હતો?

૧) અનાથપિંડદ સુપ્રિયાના પિતા હતા.

૨) અનાથપિંડદ ભગવાન બુદ્ધનો પ્રિય શિષ્ય હતો.

૬) લાલચને વશ થઈ બ્રાહ્મણે વાઘને શામાંથી બહાર કાઢ્યો?

લાલચને વશ થઈ બ્રાહ્મણે વાઘને પાંજરામાંથી બહાર કાઢ્યો.